હરેલા પર્વને રાષ્ટ્રીય પર્વ ઘોષિત કરવાની માંગણી સાથે

ઉત્તરાખંડની હરેલા યાત્રાનું જામનગરમાં આગમનઃ કાલે બાલા હનુમાન મંદિરે દર્શન

જામનગર તા. ૨૧: મંદિરથી પ્રારંભ થઈને ઉત્તરાખંડની સાંસ્કૃતિક યાત્રા છોટી કાશી, ધરોહર એવા હરેલા પર્વને જામનગરમાં આવી પહોંચી રાષ્ટ્રીય પર્વ ઘોષિત કરવાની છે. યાત્રા રૂદ્રાક્ષના નાનકડા માંગણી સાથેની હરેલા વૃક્ષ સાથે આવતીકાલે તા. સંકલ્પ યાત્રા તા. ૧૦ રે ના સવારે ૧૦-૩૦ ઓગસ્ટથી તૃતિય કેદારરૂપ વાગ્યાથી બપોરે ૧-૩૦ સુધી રૂદ્રપ્રયાગના તુંગનાથ શહેરના વિશ્વ પ્રસિદ્ધ બાલા હનુમાનમાં પધરામણી કરશે. આ હરેલા યાત્રા સાથે રૂદ્રાક્ષના વૃક્ષનું પૂજન કરવા પધારવા છોટી કાશીના ભાવિકજનોને બાલા હનુમાન સંકીર્તન મંદિર ટ્રસ્ટના પ્રમુખ જીતુભાઈ લાલે જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

॥ રોકાણકારોની શ્રધ્ધા અટૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥

ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૪૭૪ પોઈન્ટ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સ્થાનિક/વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો.... અમેરિકી અર્થતંત્રમાં મંદીનું જોખમ હાલ તુરત હળવું થયાના અહેવાલે વૈશ્વિક બજારમાં મિશ્ર ટ્રેન્ડ સાથે ભારતીય શેરબજારમાં ઈન્ડેક્સ બેઝડ બે-તરફી વધઘટના અંતે સ્થાનિક સ્તરે સકારાત્મક પરિબળોના પગલે સપ્તાહના બીજા દિવસે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યા બાદ આજે સપ્તાહના ત્રીજા દિવસે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સોમવારે રક્ષાબંધન નિમિત્તે રજાના માહોલ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી ફ્લેટ રહ્યા બાદ મંગળવારના રોજ આકર્ષક ઉછાળા સાથે આગેકૂચ કરી હતી, જો કે આજે બુધવારે ફંડો, ખેલંદાઓ, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોની ઉછાળે નફારૂપી વેચવાલી નોંધાતા ભારતીય શેરબજાર ઘટાડા સાથે કારોબાર કરી રહ્યું હતું.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૮%ના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૨૦% અને નેસ્ડેક ૦.૩૩% ઘટીને સેટલ થયા હતા. બ્રીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૧૭% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૮% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર રિયલ્ટી, બેંકેક્સ, ફાઈનાન્શિયલ સર્વિસીસ એન્ડ પાવર શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ વધારા સાથે કારોબાર કરી રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૮૪૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૭૯૫ અને વધનારની સંખ્યા ૧૮૯૭ રહી હતી, ૧૫૧ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૪૪ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૧૮ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, ચાલુ નાણાંકીય વર્ષના સપ્ટેમ્બરમાં પૂરા થતા ત્રિમાસિક ગાળામાં મર્ચેન્ડાઈઝ નિકાસમાં જે પણ વધારો થયો છે તે સતત મજબૂત આર્થિક પ્રવૃત્તિઓને કારણે થશે. જો કે, કેટલાક જોખમોથી પ્રભાવિત થઈ શકે છે. ચાલુ નાણાકીય વર્ષના જૂન ક્વાર્ટરમાં નોંધાયેલા ૫.૮% વૃદ્ધિની સરખામણીએ સપ્ટેમ્બર ક્વાર્ટરના અંતે ભારતની મર્ચેન્ડાઈઝ નિકાસમાં વૃદ્ધિ ઘટીને ૪% થઈ શકે છે તેમ એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેન્ક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું. વિકસિત અર્થતંત્રોની અનિશ્ચિત સ્થિતિ, ભૌગોલિક રાજકીય આંચકા, પશ્ચિમ એશિયાની કટોકટી અને અન્ય પરિબળોની વચ્ચે ભૌગોલિક - આર્થિક વિભાજનનો સમાવેશ થાય છે.

આ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નિકાસ ઝડપી ગતિએ વધી હતી. એપ્રિલ - જૂન દરમિયાન, ભારતનું વિદેશી શિપમેન્ટ ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૫.૮% વધીને ૧૦૮.૯ બિલિયન ડોલર થયું હતું. જુલાઈ - સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન નોન - ઓઈલ નિકાસ વાર્ષિક ધોરણે ૬.૨૬% વધીને ૯૯.૮ બિલિયન ડોલર થવાની શક્યતા છે. કુલ મર્ચેન્ડાઈઝ નિકાસ અને નોન-ઓઈલ નિકાસમાં હકારાત્મક વદ્ધિ દર છેલ્લા ત્રણ ક્વાર્ટરથી ચાલુ છે અને તે ચાલુ રહેવાની શક્યતા છે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆત ઓક્ટોબર ગોલ્ડ રૂા.૭૧૮૫૭ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂા.૭૧૮૫૭ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂા.૭૧૨૨૬ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૧૭૩ પોઈન્ટના વધારા સાથે રૂા.૭૧૯૫૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે સપ્ટેમ્બર સિલ્વર રૂા.૮૪૭૮૦ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂા.૮૫૦૪૪ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂા.૮૪૭૮૦ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૨૬૮ પોઈન્ટના વધારા સાથે ૮૪૯૯૮ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ

હેવેલ્સ ઈન્ડિયા (૧૮૬૨) : કન્ઝુમર ઈલેક્ટ્રોનિક્સ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂા.૧૮૬૦ આસપાસ પવર્તી રહ્યો છે. રૂા.૧૯૪૪ ના સ્ટોપલોઝથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂા.૧૯૦૮ થી રૂા.૧૯૧૯ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂા.૧૯૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

ઈન્ફોસિસ લિ. (૧૮૭૨) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂા.૧૮૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂા.૧૮૨૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂા.૧૮૮૮ થી રૂા.૧૯૦૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

ઓબેરોય રિયલ્ટી (૧૭૬૩) : રૂા.૧૭૩૭ નો પ્રથમ તેમજ રૂા.૧૭૧૭ બીજા સપોર્ટથી રેસિડેન્શિયલ, કોમર્શિયલ પ્રોજેક્ટ્સ સેક્ટરનો રોકાણવલણી આ સ્ટોક રૂા.૧૭૮૭ થી રૂા.૧૮૦૦ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!

બાટા ઈન્ડિયા (૧૪૧૯) : ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂા.૧૪૪૪ થી રૂા.૧૪૫૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂા.૧૩૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

જિંદાલ સ્ટીલ (૯૪૭) : રૂા.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂા.૯૨૩ સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક આયર્ન એન્ડ સ્ટીલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂા.૯૯૯ થી રૂા.૯૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ ના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધઃ ડિસ્ક્લેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

શિવજીના અવધુતેશ્વર અવતારની કથા

શ્રાવણી સત્સંગ

- દેવેન કમલચંદ્ર વ્યાસ (અંજાર, કચ્છ)

એક વખત દેવરાજ ઈન્દ્ર દેવતાઓને ગુરૂ શ્રી બ્રહસ્પતિજી સાથે સંપૂર્ણ દેવલોકના દેવતાઓને લઈને ભગવાન શિવજીના દર્શન કરવા માટે કૈલાશ પર્વત પર જવા નીકળ્યા. ભગવાન શિવજીએ ઈન્દ્ર અને બૃહસ્પતિની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેમણે દિગંબર - અવધુતનું રૂપ લીધુ. પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી રૂપથી મહાભંયકર દેખાવ હોવા છતાં તેમની મુખાકૃતિ દિવ્ય આભાથી યુક્ત રહી ગયા. ઈન્દ્ર અને બૃહસ્પતિએ આ જોયું.

ઈન્દ્રને અભિમાન હતું. અભિમાનમાં સત્યનું દર્શન થતું નથી. તેથી તે જાણી ન શક્યા કે તેમની સામે સાક્ષાત શિવજી રૂપ બદલીને ઊભા છે.

અભિમાનના મદમાં ચકચૂર ઈન્દ્રએ અવધુતરૂપે રહેલા શિવજીને પૂછ્યું, ' અલ્યા તુ કોણ છો ? આ વિચિત્ર વેશે અમારો માર્ગ રોકી ન કેમ ઊભો છો ? હુ દેવરાજ ઈન્દ્ર છુ અને અમારા ગુરૂ અને દેવતાઓ સાથે શિવજીના દર્શને જઈ રહ્યો છું. અમને માર્ગ આપ.'

નરેશ પી. લીંબાણી, ઢોલ. મો.: ૯૪૨૭૪ ૫૦૭૭૫

આ રીતે વારંવાર કહેવા છતાં પણ અવધુતરૂપ ધરેલા શિવજી કંઈ ન બોલ્યા. ત્યારે ગુસ્સે ભરાયેલા ઈન્દ્રએ કહ્યું , ' હું તને વારંવાર કહુ છું તું જવાબ જ નથી આપતો. હવે તને મારવો જ પડશે.' એમ કહી અને ઈન્દ્રએ વજ્ર ઉગામ્યું. પરંતુ અવધુત રૂપે રહેલા શિવજીએ દૃષ્ટિ માત્રથી ઈન્દ્રના વજ્રવાળો હાથ જ જકડાઈ ગયો. પરંતુ આ સમયે શિવજીએ લીધેલા ઉગ્ર રૂપને દેવગુરૂ બૃહસ્પતિ ઓળવી ગયા. તે શિવજીના ચરણોમાં પડી ગયા અને પ્રાર્થના કરવા લાગ્યા, ' હે દીનોના નાથ મહાદેવ, અમે તમને ઓળવીને શક્યા ક્ષમા કરો.' આ સાંભળી અને દેવરાજ ઈન્દ્ર પણ તે અવધુત વેશધારી શિવજીના ચરણોમાં પડી પ્રણામ કરવા લાગ્યો. બૃહસ્પતિ વધુમાં કહેવા લાગ્યા કે, ' હું અને દેવરાજ આપને ઓળખી ન શક્યા. અમે આપના શરણે છીએ. અમને બંન્નેને ક્ષમા કરો.'

આ સમયે શિવજીના ક્રોધથી એક જવાળા નિકળી. આ જવાળા એવી હતી કે, દેવો સહિત ઈન્દ્ર અને બૃહસ્પતિને બાળી નાખે. બૃહસ્પતિ એ તે જવાળાને શિવજીને પરત ગ્રહણ કરવા વિનંતી કરી.

શિવજીનો ગુસ્સો શાંત થયો. તેમણે કહ્યું, 'જેમ સર્પ પોતાની કાચલી ઉતારી દે છે પછી તે પાછો ગ્રહણ નથી કરી શકતો તેમ આ જવાળા પણ પાછી ગ્રહણ નહીં કરી શકે.' કહી તે જવાળાને પકડી તેમણે સમુદ્રમાં ફેકી દીધી.ત્યાં તે જવાળા એ બાળકનું રૂપ લીધુ અને સિંધુપુત્ર જલન્ધરના નામે તે વિખ્યાત થયો. આ સિંધુપુત્ર પછી ઋણરોનો રાજા થયેલો. જેના ત્રાસથી દેવતાઓ શિવજીના શરણે ગયેલા. શિવજીએ તેનો વધ કરેલો.

'અવધુતેશ્વર પાસે દેવરાજ ઈન્દ્ર અને દેવગુરૂ બૃહસ્પતિએ પ્રાર્થના કરી પ્રણામ કર્યા એટલે તેમણે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી સૌને દર્શન આપ્યા અને આશીર્વાદ આપ્યા.

મુસ્લિમ અગ્રણી પત્રકાર દ્વારા ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરમાં રૂદ્રાભિષેક

(તસ્વીરઃ અમીત કાનાણી)

ભાણવડના મુસ્લિમ અગ્રણી પત્રકાર ઈમરાનભાઈ ગઢકાઈએ સર્વધર્મ સમભાવનું દૃષ્ટાંત પુરૂ પાડી ભાણવડના ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરમાં રૂદ્રાભિષેક, પૂજા પાઠ તથા થાળ, પ્રસાદીનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આગેવાનો, પત્રકારો ઉપસ્થિત રહ્યા હતાં.

દ્વારકાઃ રચના હાઈસ્કૂલમાં આઝાદી દિવસની ઉજવણી

(તસ્વીરઃ રવિ બારાઈ)

દ્વારકાની રચના હાઈસ્કૂલમાં આઝાદી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન, ગીત-સંગીતનો કાર્યક્રમ, અંગ કસરતના દાવ વિગેરે યોજાયા હતાં.

ગેસ વિતરણ-પાઠ્ય પુસ્તક વિતરણ સહિત કર્ચ કરતી

જામનગર સેન્ટ્રલ કન્ઝયુમર કો.ઓપ. સ્ટોર્સ લિ.ની પદ્મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

જામનગર તા. ૨૧: જામનગર સેન્ટ્રલ કન્ઝયુમર કો.ઓપરેટીવ સ્ટોર્સ લિ. ૮ માર્ચ-૧૯૬૮થી અવિરત સેવાઓ આપતી સહકારી સંસ્થા અપના બજારના વર્ષ-૨૦૨૩-૨૪ની પદ્મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી.

કુમાર મંદિર, શેખર માધવાણી હોલમાં યોજાયેલી પદ્મી વાર્ષિક સાધારણ સભા દરમિયાન સંસ્થાના ચેરમેન કે.પી. સરવૈયા દ્વારા ઉપસ્થિત સભાસદોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સંસ્થા દ્વારા થયેલા કાર્યોની વિગતો આપવામાં આવી હતી.

જામનગરમાં ધી જામનગર સેન્ટ્રલ કન્ઝયુમર કો.ઓપરેટીવ સ્ટોર્સ લિ. તરીકે રજિસ્ટર થયેલી અને લોકોમાં અપના બજાર તરીકે ખ્યાતિ પામેલી સેવા વિતરણ તથા પાઠ્યપુસ્તક વિતરણ સહિતની કામગીરી સંભાળતી સંસ્થા સતત ૫૬ વર્ષથી કાર્યરત છે અને ૫૭મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે, ત્યારે સંસ્થાના ઉતાર-ચઢાવ વચ્ચે અત્યાર સુધીના સંસ્મરણો વાગોળવામાં આવ્યા હતાં. પદ્મી વાર્ષિક સાધારણ સભાનું સંચાલન સંસ્થાના મેનેજરે સાગર વોરાએ કર્યું હતું. આ પ્રસંગે અપના બજારના ડાયરેક્ટરો નિલેશભાઈ કગથરા, ભીમજીભાઈ ચુડાસમા, શ્રાહબુદ્દીનભાઈ અભવાણી, વિપુલભાઈ મહેતા (મુરાભાઈ), આંનદભાઈ ડોગર, એ.કે. મહેતા અને યોગીતાબેન શેઠ ઉપસ્થિત રહ્યાં હતાં. સાધારણ સભાની પૂર્ણાહુતિમાં સંસ્થાના વાઈસ ચેરમેન મહેશભાઈ મેતા દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું હતું. અને સંસ્થાના તમામ સભાસદો અવિરત સાથ-સહકાર આપવા આહ્વાન પણ કરવામાં આવ્યું હતું.

નગરના કવિને રાષ્ટ્રીય કક્ષાનો પુરસ્કાર થશે એનાયતઃ

કવિ કિરીટ ગોસ્વામીને 'ડો. અનંત ઓઝા સ્મૃતિ બાળસાહિત્ય પુરસ્કાર' આપવાની ઘોષણા

જામનગર તા. ૨૧: તાજેતરમાં 'બાલવાટિકા' સામયિક (રાજસ્થાન) દ્વારા રાષ્ટ્રીય કક્ષાના વિવિધ પુરસ્કાર ઘોષિત થયા છે જે અંતર્ગત નગરના કવિ અને ગુજરાતીના ખ્યાતનામ બાળસાહિત્યકાર કિરીટ ગોસ્વામીને બાળસાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન બદલ 'ડો. અનંત ઓઝા સ્મૃતિ બાળસાહિત્ય પુરસ્કાર' એનાયત કરવાની ઘોષણા થઈ છે. આ પુરસ્કાર આગામી ઓક્ટોબરમાં ભીલવાડા (રાજસ્થાન) માં યોજનાર રાષ્ટ્રીય બાળસાહિત્ય સંગોષ્ઠિ ૨૦૨૪ કાર્યક્રમમાં અર્પણ કરવામાં આવશે.

ઉલ્લેખનિય છે કે, કેન્દ્રિય સાહિત્ય અકાદેમી, દિલ્હી તારફથી અપાતા બાળસાહિત્યનો રાષ્ટ્રીય પુરસ્કાર (૨૦૨૨) કિરીટ ગોસ્વામીના બાળગીતસંગ્રહ 'ખિસકોલીને કમ્પ્યુટર છે લેવું!' માટે તેમને એનાયત થઈ ચુક્યો છે. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના પાઠ્યપુસ્તકોમાં એમની રચનાઓ સ્થાન પામેલ છે.

આધુનિક સમયના ગિજુભાઈ કે પછી 'ટોપીવાળા માં' જેવા બિરૂદ પામનાર કિરીટ ગોસ્વામીને ફરી એક વખત રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થવાની ઘોષણાને પગલે નગરના ગૌરવમાં વધારો થયો છે અને સાહિત્ય જગત દ્વારા તેમના પર અભિનંદનવર્ષા થઈ રહી છે.

દ્વારકામાં યોજાઈ તિરંગા યાત્રા

ખંભાળીયા તા. ૨૧: હર ઘર તિરંગા અભિયાન અન્વયે નાગરિકોમાં રાષ્ટ્રભાવના ઉજાગર થાય અને તિરંગા સાથેની આત્મીયતા વધુ સુદૃઢ બનાવવાના હેતુથી દ્વારકામાં તિરંગા યાત્રા યોજાઈ હતી. વંદે માતરમ્ ભારત માતા કી જયના જયઘોષ સાથે નીકળેલી આ તિરંગા યાત્રામાં સૌ કોઈએ જોડાઈ ગર્વભેર રાષ્ટ્રધ્વજ લહેરાવી રાષ્ટ્રભાવના ઉજાગર કરી હતી. આ યાત્રામાં અધિકારીઓ, પદાધિકારીઓ, અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં સ્થાનિકો જોડાઈને દેશપ્રેમ દર્શાવ્યો હતો.

કંપની સમાચાર

સિમ્ફની લિમિટેડનો સ્માર્ટ વોટર હીટર ક્ષેત્રે ધમાકેદાર પ્રવેશ

અમદાવાદઃ એર કુલરમાં લોકપ્રિય સિમ્ફની એક અગ્રણી મલ્ટીનેશનલ કંપની છે. તાજેતરમાં જ ગોવામાં ચેરમેન ૨૦૨૩-૨૪ નું ભવ્ય આયોજન કર્યું. જેમાં ભારતના અગ્રણી વેપારીને આમંત્રિત કર્યા હતાં, તેમની ઉપસ્થિતિમાં વોટર હીટર ક્ષેત્રે ધમાકેદાર પ્રવેશ સાથે કુલર્સમાં બ્લોકબસ્ટર પ્રોડકટ લોન્ચ કર્યા.

સિમ્ફની લિમિટેડ દ્વારા ગીઝરની રેન્જ ત્રણ અલગ-અલગ સ્પા, સોના અને સોઉલની પ્રસ્તુતિ સાથે સ્ટોરેજ વોટર હીટર શ્રેણીમાં પ્રવેશ નોંધાવ્યો. જેમાં સિમ્ફની સ્પા ગીઝર્સ, સિમ્ફની સિમ્ફની ધ્યુરોપોડ એક અત્યાધુનિક ૯ સ્તરીય પાણી ગાળણ કાર્ટ્રીજ સાથે જે સખત પાણીને નરમ કરે છે, સ્માર્ટ બાથ સિસ્ટમના મહત્વના કાર્યોમાં પાણીની તૈયારી, સર્વિસ રિમાઈન્ડર જેવા વોઈસ નોટિફિકેશન, કસ્ટમાઈઝ ટાઈમર સેટિંગ, ઉષ્ણતામાન અંકુશ તેમ જ સુરક્ષા માટે ચાઈલ્ડ લોક જેવી સુવિધાઓ છે.

સિમ્ફની ચેરમેન અચલ બકેરીએ જણાવ્યું કે અમને સિમ્ફની સ્પા ગીઝરની પ્રસ્તુતિ કરતા અપ્રતિમ આનંદ થાય છે. જણાવ્યું કે અમારી આ નવતર પ્રસ્તુતિએ નોંધપાત્ર માઈલસ્ટોન બનાવ્યા છે, પાણી ગરમ કરવાના વિભાગને વિસ્તાર્યો છે. ચાલ્ડોની ત્વાની અને વાળની કાળજી સાથેની સુવિધા પ્રસ્તુત કરી છે. ગીઝરની સોના શ્રેણી પ્લાસ્ટિક બોડી સાથે અત્યાધુનિક નવ સ્તરીય ધ્યુરોપેડ પાણીગાળણ કાર્ટરીજ ધરાવે છે અને સિમ્ફની સોઉલ શ્રેણી મેટલ બોડી અને એક એલઈડી ડિસ્પ્લે ધરાવે છે.

અર્ક

સમય જોઈ સંબંધ રાખે તેના કરતા સંબંધ જોઈને સમય આપે તે "સાચો" સંબંધ.

શબ્દવ્યૂહ

૬૦૪૫

આડી ચાવી

૧. સાફ, સ્વચ્છ ----------(૩
૪. સંક્ષિપ્ત ----------(૩
૫. શંકા, ભ્રામક ખ્યાલ ---(૨
૭. સ્વાર્થી ----------(૪
૮. લકીર ----------(૨
૯. સૂર્ય, ભાનુ ----------(૨
૧૧. બાગ-બગીચો ---------(૮
૧૨.પ્રાણીનો ઊભો રહેવાની ચાલવાળો અવયવ -----(૨
૧૪.શત્રુ, દુશ્મન ----------(૨
૧૬.ગ્રીની જનનેંદ્રિય -----(૨
૧૭.વર્ષ (ભાષા) ----------(૩
૧૮. રસ્સા કસવું તે, ધ્યાન ચાકડી ----------(૨
રાખવું તે ----------(૨
૧૯. મસ્તકની અંદરનું ચિંતનશક્તિનું કેન્દ્ર ----(૩
૨૧.જુવવાળું, ચેતન-------(૩
૨૩.રોકડું ----------(૩
૨૪.ખેલ, ક્રીડા ----------(૩
૨૫.ગરમ પવનનો સપાટો---(૧

ઊભી ચાવી

૨. એક મુખ્ય અનાજ ----(૨
૩. કોઈને બોલાવવા મોટેથી પાડેલી બૂમ ----------(૩
૪. રકમ, ઓકડો--------(૨
૫. એકસોનો સમૂહ------(૩
૬. મકાન, રહેઠાણ------(૨
૮. એકલ-રે તથા મેડીકલ ઈમેજિંગ નિષ્ણાત (અં) -(૬
૧૦. રજાસરાણમાં વિશેષ પણ -(૩
૧૩. ઉષા, ઊની ----------(૩
૧૫.ઝીણું ચોખ્ખું ----------(૩
૧૬.પોકાર, ફરિયાદ ------(૩
૧૮.ચકી કરેલી રોટલી નાની ટુકડી ----------(૨
૨૦.ખીણનું ભલું કરવું તે --(૪
૨૦.ગમવું તે, રુચિ -------(૨
૨૨.તાકાત, બળ ----------(૨

ઉકેલ કોયડા નં. ૬૦૪૪

(૨) સાલ (૪) ફાગ (૬) ધાપ (૭) ઉધ્યારક (૯) ખો (૧૦) ટેવ (૧૨) મોં (૧૩) લુ (૧૪) ફુરાન (૧૫) લતો (૧૭) સભ્ય (૧૮) બાળપણ (૨૦) મિત

ઊભી ચાવી: (૧) ડાબું (૩) લસરકો (૪) ફાકી (૫) બાબદાદા (૮) જીવ (૧૧) ખૂન (૧૫) લઘુ (૧૬) જાણ (૧૭) સતર્ક (૧૮) બાની (૧૯) પગ

આપની આવતીકાલ

જ્યોતિષીઃ ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૯૯૯૯ ૭૦૯૯૦

મેષ (અ-લ-ઈ) — આપે તન-મન-ધનથી-વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. ફકાવટ-વિલંબ રહ્યાં કરે. સુબ રંગઃ લાલ સુબ અંકઃ ૯-૮

વૃષભ (બ-વ-ઉ) — નોકરી-ધંધાના કામકાજ અંગે બહારગામ જવાનું થાય. સંયુક્ત ધંધામાં ભાઈ-ભાંડું આપને મદદરૂપ થાય. શુભ રંગઃ ગુલાબી સુબ અંકઃ ૬-૯

મિથુન (ક-છ-ઘ) — દિવસના પ્રારંભથી જ સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. જમીન-મકાન-વાહનના કામમાં સાનુકૂળતા રહે. શુભ રંગઃ પ્રાણિક સુબ અંકઃ ૫-૩

કર્ક (ડ-હ) — આપના કામમાં આકસ્મિક સરળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ આવતો જાય. પુત્ર-પૌત્રાદિકનો સાથ મળે. શુભ રંગઃ સફેદ સુબ અંકઃ ૪-૬

સિંહ (મ-ટ) — આપની ગણતરી-ધારણા પ્રમાણેનું કામકાજ ન થવાથી ઉચાટ-ઉદ્વેગ અનુભવો. આકસ્મિક ખર્ચ અનુભવાય. શુભ રંગઃ પાંસળી સુબ અંકઃ ૯-૭

તુલા (ર-ત) — આપના અગત્યના કામકાજનો ઉકેલ આવવાથી આનંદ જણાય. મહત્ત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. શુભ રંગઃ કેસરી સુબ અંકઃ ૫-૩

વૃશ્ચિક (ન-ય) — નાણાકીય જવાબદારીવાળા કામમાં સાવધાની રાખવી. સીઝનલ ધંધામાં કુટુંબ-પરિવારનો સાથ-સહકાર રહે. શુભ રંગઃ પીળો સુબ અંકઃ ૩-૯

ધનુ (ભ-ધ-ફ-ઢ) — સંતાનના પ્રશ્ને આપની ચિંતા-પરેશાની દૂર થાય. ઉપરી વર્ગ-સહકાર્યકરવર્ગનો સહકાર મળી રહે. શુભ રંગઃ ક્રીમ સુબ અંકઃ ૮-૬

મકર (ખ-જ) — આપની બુદ્ધિ અનુભવ-આવડત-મહેનતથી આપના કામનો ઘીરે-ધીરે ઉકેલ લાવવાનો પ્રયાસ કરે. શુભ રંગઃ મોરપીંછ સુબ અંકઃ ૮-૪

કુંભ (ગ-શ-સ) — પરદેશના કામમાં પ્રગતિ જણાય. વડીલવર્ગના સ્વાસ્થ્ય બાબતે ચિંતા-દોડધામ-ખર્ચ રહે. શુભકાર્ય થાય. શુભ રંગઃ લાલ સુબ અંકઃ ૩-૬

મીન (દ-ચ-ઝ-થ) — આપના કામમાં હરિફવર્ગ-ઈર્ષા કરનાર વર્ગ મુશ્કેલી ઊભા કરવાના પ્રયાસ કરે. વાણીની મીઠાશથી લાભ. શુભ રંગઃ ગુલાબી સુબ અંકઃ ૧-૫

મેષ (અ-લ-ઈ) — આપના કાર્યની સાથે જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં વ્યસ્તતા જણાય. સરકારી કામનો ઉકેલ આવે. શુભ રંગઃ કેસરી સુબ અંકઃ ૨-૬

વૃષભ (બ-વ-ઉ) — નાણાકીય બાબતે કામમાં સાવધાની રાખવી. ધંધામાં ભાઈ-ભાંડું સાથ-સહકાર આપે. શુભ રંગઃ ગુલાબી સુબ અંકઃ ૩-૮

મિથુન (ક-છ-ઘ) — નોકરી-ધંધાના કામકાજ અંગે બહારગામ જવાનું થાય. સંયુક્ત ધંધામાં ભાઈ-ભાંડું આપને મદદરૂપ થાય. શુભ રંગઃ પીળો સુબ અંકઃ ૧-૯

કર્ક (ડ-હ) — દિવસના પ્રારંભથી જ સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. જમીન-મકાન-વાહનના કામમાં સાનુકૂળતા રહે. શુભ રંગઃ પ્રાણિક સુબ અંકઃ ૫-૩

સિંહ (મ-ટ) — આપના કામમાં આકસ્મિક સરળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ આવતો જાય. પુત્ર-પૌત્રાદિકનો સાથ મળે. શુભ રંગઃ સફેદ સુબ અંકઃ ૪-૬

તુલા (ર-ત) — આપની ગણતરી-ધારણા પ્રમાણેનું કામકાજ ન થવાથી ઉચાટ-ઉદ્વેગ અનુભવો. આકસ્મિક ખર્ચ અનુભવાય. શુભ રંગઃ પાંસળી સુબ અંકઃ ૯-૭

વૃશ્ચિક (ન-ય) — આપના અગત્યના કામકાજનો ઉકેલ આવવાથી આનંદ જણાય. મહત્ત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. શુભ રંગઃ કેસરી સુબ અંકઃ ૫-૩

આવતીકાલનું પંચાંગ

સૂર્યોદય : ૬-૨૮ સૂર્યાસ્ત : ૭-૧૨

દિવસના સોહડીયા

(૧) શુભ (૨) રોગ (૩) ઉદ્વેગ (૪) લાભ (૫) લાભ (૬) અમૃત (૭) કાળ (૮) રોગ

રાત્રિના સોહડીયા

(૧) અમૃત (૨) લાભ (૩) રોગ (૪) કાળ (૫) લાભ (૬) ઉદ્વેગ (૭) શુભ (૮) અમૃત

વિક્રમ સંવત: ૨૦૮૦, શાલિવાહન શક: ૧૯૪૬, તા. ૨૧-૦૮-૨૦૨૪, ગુરૂવાર
જૈન સંવત: ૨૫૫૦, શ્રાવણમાસ: ૧૯૪૭, સૂર્યાગમાં : ૫૧૫૭, પારસી રોજ : ૬,
મુહિર્તા રોજ: ૫૬, નક્ષત્ર: ઉત્તરભાદ્રા, યોગ: ધ્રુવિ, કરણ: ભદ્રા

જ